RIGHT TO
INFORMATION

अपील अरजी नं.७१० ता.२९–३–१२
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી અજયભાઈ ચંદ્રકાંતભાઈ માવાપુરીવાલા
સામાવાળા :– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–ઉધનાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અજયભાઈ ચંદ્રકાંતભાઈ માવાપુરીવાલાની તા. ૦૧–૦૨–૧૨ની અરજીથી મીઠાં પાણીની ગેરકાયદેસર લાઈનો નંખાયેલ છે તેની વિગત અને ગુનાહીત દંડ કેમ ન વસુલ કરવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા. ૨૯–૩–૧૨ ની **SMC/FAP/** નં.૭૧૦/૨૦૧૧–૧૨

શ્રી અજયભાઈ ચંદ્રકાંતભાઈ માવાપુરીવાલાની તા. ૦૧–૦૨–૧૨ની અરજીથી મીઠાં પાણીની ગેરકાયદેસર લાઈનો નંખાયેલ છે તેની વિગત અને ગુનાહીત દંડ કેમ ન વસુલ કરવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો મોકલવા** વધુમાં પક્ષકાર જાહેર માહિતી અધિકારી નવા હુકમ મુજબ હોય તો તે પણ જણાવવા તથા તેમ હોય તો તે મુજબના અપીલ અધિકારી કક્ષાએથી કાર્યવાહી કરાવવા પત્ર નં. આરટીઆઈ સેલ/૧૮ તા. ૫–૪–૧૨થી તત્કાલીન જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા અરજદારને પક્ષકાર જાહેર માહિતી અધિકારીની વિગત રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સા.ઝોન(ઉધના)/આઉટ વર્ડ નં./૩૭ તા. ૧૭–૪–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મૂળ અરજીની નકલ, અરજદારની તા. ૨૭–૧–૧૨ની અરજીની નકલ, તા. ૨૫–૧–૧૨ ની અરજીની નકલ, અરજદારને આપવામાં આવેલ માહિતીના પત્ર નં. સા.ઝોન/ટેક/૮૨૯ તા. ૧–૩–૧૨ ની નકલ, કાર્યપાલક ઈજનેર તરફથી સુરેશભાઈ જરીવાલાને તથા ઉષાબેન અગ્રવાલને પત્ર નં. સા.ઝોન/ટેક/૭૨૧૫/૭૨૧૬ તા. ૧–૩–૧૨થી આપેલ નોટીસની નકલ, તા. ૨૮–૨–૧૨ની અરજીની નકલ, તથા જુદા જુદા ખોદાણની ફોટો કોપી, ઉષાબેન ચેતનરામભાઈ અગ્રવાલની તા. ૬–૩–૧૨ની અરજીની નકલ, અરજદારની તા. ૧૫–૩–૧૨ની અરજીની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૦૧–૦૨–૧૨ની અરજી મ્યુ. કમિશ્નરને સંબોધતી મધ્યસ્થ કચેરી ખાતે આપવામાં આવેલ. જેમાં અરજદારે અજયભાઈ ચંદ્રકાંતભાઈ માવાપુરીવાલા ૩/૪ જીવનગંગા નગર, જીવનજયોત સિનેમા ,ઉધના સુરતના સરનામે રહેઠાણ ધરાવું છું જેમાં બિલ્ડીંગ નં. ૪ રૂમ નં. ૯/૧૦ સુરેશભાઈ જરીવાલા વિભાગ–૪ રૂમ નં. ૧ /૨ મોનીષભાઈ અગ્રવાલ આ ઉપરાંત બિલ્ડીંગ નં. ૪ માં બીજા ઘણાં ફલેટો અને બિલ્ડીંગ નં. ૩માં પણ મીઠાંપાણીના ગેરકાયદેસર કનેકશનો નંખાયેલા છે. તો આ બધા કનેકશનો કયા પુરાવાઓ ઉપર નંખાયેલા છે જયારે કાયદેસર કોઈને પણ એપાર્ટમેન્ટમાં મીઠાપાણીની લાઈન મળતી નથી. જયારે આખા એપાર્ટમેન્ટમાં એક જ મીઠાંપાણીની લાઈન મળે છે અને આ લોકોના ઘરેઘરમાં ગેરકાયદેસર મીઠાંપાણીની લાઈનો નંખાયેલ છે. આ મીઠાંપાણીની લાઈનો સુરેશભાઈ જરીવાલા રૂા.૧ ૦,૦૦૦/– ઉઘરાવીને નંખાવેલ છે. પાણીની લાઈનો બિલ્ડીંગ નં. ૩ અને ૪માં ગેરાકયદેસર કઈ વિગતો અને કયા પુરાવાઓ ઉપર નંખાયેલ છે. અને આ લોકો વિરુદ્ધ કોઈ કાયદેસરના પગલાં અને ગુનાહિત દંડ વસુલ કરાયો નથી. તેવી માહિતી માંગતી અરજી કરેલ છે. જે અંગે અરજદારે તા. ૨૯–૩–૧૨ના રોજ અપીલ અરજી કરેલ. અપીલ અરજીમાં અરજદારે આરટીઆઈના તબદીલ પત્ર, આરટીઆઈના પૂરક પત્ર વગેરે વિગતો જણાવેલ છે. પરંતુ અરજદારે અપીલ અરજી ફોર્મમાં મૂળ અરજીની, વિગત અપીલની નારજગીનું કારણ તેવો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો નથી. તેમજ અરજી પણ અવાચ્ય જણાય છે. આરટીઆઈના નિયમ–૩ મુજબ નમૂના–'ક'માં તમામ આવશ્યક વિગતો ધરાવતી સ્વચ્છ રીતે ટાઈપ કરીને અથવા સ્વહસ્તાક્ષરમાં જાહેર માહિતી અધિકારીને કરવાની હોય છે. જે અરજદારે કરેલ નથી. વધુમાં અરજદારે તા. ૧૫–૩–૧૨ના રોજ કમિશ્નરશ્રીને સંબોધતી એક અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેથી અરજદારને એડી.સીટી ઈજનેર અને વિભાગીય વડા ઉધનાઝોનને આરટીઆઈસેલ/૨૦૫૫ તા. ૨૨–૩–૧૨થી દર્શાવેલ અરજી પ્રથમદર્શી કાર્યવાહીને લગતી હોઈ, ઉધનાઝોનને કાર્યવાહી માટે પાઠવવામાં આવેલ. અને અરજદારને સદર નકલમાં કલમ–૧૯(૧) અનુસાર આરટીઆઈ હેઠળની અરજી અંગે નિયત સમય મર્યાદાની અંદર નિર્ણયની જાણ ન થઈ હોય અથવા જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારજગીના કિસ્સામાં અપીલ કરવી હોય તો નમૂના–'ક'

મુજબની મૂળ અરજીની નકલ, ભરવામાં આવેલ ફીની વિગત, માહિતી ન મળ્યા અંગે કે માહિતી બાબતે નારાજગીના કારણો આધાર પુરાવા સહિત નમૂના–'ચ' માં જણાવેલ વિગતે અરજી કરવાની રહે. જે અંગે અરજદારે તા. ૨૯–૩–૧૨ના રોજ અપીલ અરજી કરેલ. પરંતુ તેમાં નારાજગીનું કોઈ સ્પષ્ટ કારણનો ઉલ્લેખ કરેલ નથી. જે અંગે અપીલના સંદર્ભે બન્ને પક્ષકારોને અત્રેથી આરટીઆઈસેલ/૧૮ તા. ૫–૪–૧૨થી પૂરક વિગતો મંગાવતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન(ઉધના)/આઉટ વર્ડ નં./૩૭ તા. ૧૭–૪–૧૨થી પૂરક વિગતો પૂરી પાડેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ તબક્કે તક આપવા છતાં કોઈ પૂરક વિગતો પુરી પાડેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સા.ઝોન/ટેક/૮૨૯ તા. ૧–૩–૧૨ નિયત સમય અવધિમાં " તા. ૧–૨–૧૨ના રોજ મધ્યસ્થ કચેરીએ ક્રમ નં. ડી/૮૭૬૬ થી આપી જીવનગંગાનગર, જીવનજયોત સિનેમા પાછળ, બ્લોક નં./બિલ્ડીંગ નં. ૩ અને ૪ના પાણી કનેકશનની માંગેલી માહિતી અન્વયે જણાવવાનું કે સદરહું મિલ્કતમાં પાણી કનેકશનની મંજુરી આપેલ હોવાના રેકર્ડ ઉપલબ્ધ નથી. જે બાબતે પુરાવા રજુ કરવા ઉધનાઝોન ખાતેથી નોટીસ આપેલ છે." તેવું જણાવેલ તેમજ તે અંગે સુરેશભાઈ જરીવાલા અને ઉષાબેન અગ્રવાલને તા. ૧–૩–૧૨ના રોજ આપેલ નોટીસોની નકલ પણ રજુ કરેલ છે. આમ અરજદારને બિલ્ડીંગ નં. ૩ અને ,૫ની ગેરકાયદેસર લાઈનો બાબતે કોઈ પુરાવા ન હોવાની માહિતી જાહેર માહિતી અધિકારીએ પુરી પાડેલ છે. તેમજ લેવાયેલ પગલા બાબતે નોટીસ પાઠવ્યાનું પણ જણાવેલ છે. આમ અરજદારને તેમની તા. ૧–૨–૧૨ની મધ્યસ્થ કચેરીમાં આપેલ અરજી બાબતે માહિતી પુરી પાડેલ હોઈ, અપીલ અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી. તેમ છતાં અરજદારે તા. ૧૯–૩–૧૨ના પત્રમાં કરેલી રજુઆત બાબતે અત્રેથી પણ તેમને અગાઉ આપેલ આરટીઆઈનો જવાબ કેમ આપેલ નથી. જે બાબતે અરજદારે જે તે આરટીઆઈ એકટ હેઠળ કરેલી અરજી હેઠળ માહિતી ન મળે અથવા મળેલી માહિતીની નારજગી અંગે કલમ–૧૯(૧) અનુસાર આરટીઆઈ હેઠળની અરજી અંગે નિયત સમય મર્યાદાની અંદર નિર્ણયની જાણ ન થઈ હોય અથવા જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજગીના કિસ્સામાં અપીલ કરવી હોય તો નમુના–'ક' મુજબની મુળ અરજીની નકલ, ભરવામાં આવેલ ફીની વિગત, માહિતી ન મળ્યા અંગે કે મળેલ માહિતી બાબતે નારાજગીના કારણો અંગે આધાર પુરાવા સહિત નમૂના–ચમાં દિન–૩૦માં અપીલ અરજી કરવાની રહે છે. તેવી માહિતી પણ અરજદારને અત્રેથી આરટીઆઈ સેલ/૨૦૫૫ તા. ૨૨–૩–૧૨થી જણવાવામાં આવેલ છે. વધુમાં અરજદારે પાણીના ગેરકાયદેસર કનેકશનો અંગે તેમની જુદી જુદી તારીખે ઝોનલ ઓફિસર તથા કમિશ્નરશ્રીને કરેલી અરજી બાબતે કાર્યવાહીને લગતી ફરીયાદ બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરી શકે છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૯–૩–૧૨ ધ્યાને લેતાં ૨૭–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૨–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૧–૦૨–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલી હોઈ, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

અરજદારે અપીલ તબક્કે ઉપસ્થિત કરેલ કાર્યવાહીને લગતી ફરીયાદ બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

(૧) પ્રતિ, એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)...... જાણ તથા અમલ માટે
(૨) શ્રી અજયભાઈ ચંદ્રકાંતભાઈ માવાપુરીવાલા,